CHIPS Express
પરદેશ પાર્સલ સેવા
chipsgnd@gmail.com
www.chipsairexp.com



પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૨૧૬ | ૧૬ ઓક્ટોબર, ૨૦૧૯, બુધવાર; આસો વદ - ૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦


# રાજ્યભરમાં ડેન્ગ્યુનો હાહાકાર

**રાજ્ય ડેન્ગ્યુના ભરડામાં : ૧૨નાં મોત : અનેક તબીબો પણ સપડાયા : દર્દીઓ માટે બેડ ખૂટ્યા : ડેન્ગ્યુની ચિંતાજનક સ્થિતિ વચ્ચે આરોગ્ય તંત્ર સફાળું જાગ્યું, ટીમ દ્વારા સર્વે શરૂ**

ગાંધીનગર,તા.૧૫

જામનગરમાં ડેન્ગ્યુના ડંખે હાહાકાર મચાવ્યો છે ત્યારે ચાલુ સિઝનમાં ૧૨ જેટલા લોકોના ડેંગ્યુથી મોત થયા છે અને દરરોજ પચાસથી વધુ પોઝિટિવ કેસ નોંધાઈ રહ્યા છે. ત્યારે જામનગરમાં ડેન્ગ્યુના હાહાકારને લઈને તંત્ર સફાળુ જાગ્યું છે. શહેરીન જીજી હોસ્પિટલમાં ડેન્ગ્યુ માટે ખાસ નવા ચાર વોર્ડ ઉભા કરાયા છે. ફ્લોર પર સારવાર લઈ રહેલા દર્દીઓ માટે તાબડતોબ નવા બેડની વ્યવસ્થા કરાઈ છે. હોસ્પિટલમાં હાલ નવા વિભાગમાં ૧૦૭ બેડની વ્યવસ્થા કરાઈ છે.

જોકે, જામનગરમાં ડેન્ગ્યુને નાથવામાં તંત્રની નિષ્ફળતા સ્પષ્ટ દેખાઈ રહી છે. જામનગરની સરકારી અને ખાનગી હોસ્પિટલો ડેન્ગ્યુના દર્દીઓથી ઉભરાઈ રહી છે. તો બીજી તરફ, ડેન્ગ્યુના દર્દીઓ માટે હોસ્પિટલમાં બેડ પર ખૂટી પડ્યા છે. તો બીજી તરફ, ડેન્ગ્યુને નાથવા તંત્ર હવે આકરા પાણીએ પહોંચ્યું છે. અંજારીયા ચેમ્બરમાં ડેન્ગ્યુના બ્રીડિંગ મળી આવ્યા છે. ત્યારે મનપાના કમિશનર દ્વારા અંજારીયા ચેમ્બર સીલ કરાઈ છે.

સુરત શહેરમાં ડેન્ગ્યુના કેસો દિન-પ્રતિદિન વધતા આરોગ્ય વિભાગની ટીમ દોડતી થઈ છે. આરોગ્ય વિભાગની ટીમ દ્વારા સુરતના રાંદેર અડાજણ અને પાલ વિસ્તારમાં તપાસ હાથ ધરવામાં આવી હતી.

● અનુસંધાન પાન-૭ પર



## ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ડેન્ગ્યુના દર્દીઓથી ઉભરાઈ

**સેક્ટરો ઉપરાંત ન્યુ-ગાંધીનગરના કુડાસણ, રાયસણ, રાંદેસણ સહિતના સરગાસણ વિસ્તારના નાગરીકો પણ ડેન્ગ્યુથી પ્રભાવિત**

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગર શહેરમાં હાલ બેવડી રૂતુનો અનુભવ થઈ રહ્યો છે. બપોરે ગરમી તો સાંજે ઠંડીનો ચમકારો ગાંધીનગરાઓ અનુભવી રહ્યા છે. જેને પગલે શહેરમાં વાઈરલ બિમારી સહિત ડેન્ગ્યુના કેસ નોંધપાત્ર વધી રહ્યા છે. ડેન્ગ્યુના વધતા કેસને પગલે આરોગ્ય તંત્ર પણ ચિંતાગ્રસ્ત બની ગયું છે. શહેરની સિવિલમાં ગત અઠવાડીયમાં ડેન્ગ્યુના ૨૨૭ જેટલા કેસ નોંધાયા છે. જેમાં શહેરી વિસ્તાર અને ગ્રામ્ય વિસ્તારના દર્દીઓની સંખ્યા નોંધપાત્ર છે. જેને પગલે આરોગ્ય તંત્રની ટીમ ડેન્ગ્યુને કાબુમાં કરવા માટે કામે લાગી ગઈ છે. સામાન્ય સંજોગોમાં વરસાદ બાદ રોગચાળાની પરિસ્થિતિ ઉભી થાય છે. વાઈરલના મચ્છરજન્યની સાથે પાણીજન્ય રોગચાળાના કેસ પણ આ દિવસોમાં વધુ જોવા મળે છે. હાલ શહેરમાં બેવડી સિઝન ચાલી રહી છે તેની વચ્ચે મેલેરીયા અને ડેન્ગ્યુના કેસ મોટીસંખ્યામાં ગાંધીનગર સિવિલમાં નોંધાયા છે. મચ્છરજન્ય ડેન્ગ્યુની બિમારીના દર્દીઓ રોજ બરોજ વધી રહ્યા છે. છેલ્લા એક માસમાં શહેરમાં ડેન્ગ્યુના ૫૦૦ થી વધુ કેસ જોવા મળતા તંત્ર પણ ચિંતાગ્રસ્ત બન્યું છે.નાગરીકોને પોતાના ઘરની આસપાસ પાણી ભરાઈ ન રહે તે માટે તંત્ર દ્વારા સુચના પણ અપાઈ છે. મેલેરીયા, ટાઈફોઈડ, ચીકનગુનીયા, કમળા, સહિતના રોગ કરતા ડેન્ગ્યુના કેસ વધતા આરોગ્ય તંત્ર માટે ચિંતાનો વિષય બન્યો છે. શહેરના સેકટરો તેમજ ગ્રામ્ય વિસ્તારમાંથી ડેન્ગ્યુના દર્દીઓ વધુ જોવા મળતા સિવિલ દર્દીઓથી ભરચક જોવા મળી રહી છે. સેકટરો ઉપરાંત ન્યું ગાંધીનગરના કુડાસણ, રાયસણ, રાંદેસણ સહિતના સરગાસણ વિસ્તારના નાગરીકો પણ ડેન્ગ્યુથી પ્રભાવિત બન્યા છે. શહેરની ખાનગી હોસ્પિટલમાં પણ ડેન્ગ્યુના દર્દીઓ સારવાર લઈ રહ્યા છે. ડેન્ગ્યુના દર્દીઓથી હોસ્પિટલ ઉભરાતા કેટલાક ડોકટર સવાર-સાંજ દર્દીઓને બોલાવી રહ્યા છે તો કેટલાક ડોકટર ઘરે પણ દર્દીઓને સારવાર આપી રહ્યા છે. ત્યારે ડેન્ગ્યુમાં ખાસ કરીને યુવાનો અને નાના બાળકો વધુ સપડાઈ રહ્યા હોવાનું ધ્યાને આવ્યું છે.

**એક સપ્તાહમાં ૨૨૭ કેસ**

# ચિદમ્બરમની ધરપકડ કરવા ઈડીને મંજુરી

**ઇડી ૩૦ મિનિટ સુધી ચિદમ્બરમની પુછપરછ કરી શકે છે : આજે સોલિસીટર જનરલ મહેતા દલીલ કરશે**

નવીદિલ્હી, તા. ૧૫

સમગ્ર દેશમાં ભારે ચર્ચા જગાવનાર આઈએનએક્સ મિડિયા કેસમાં કોંગ્રેસના વરિષ્ઠ નેતા પી ચિદમ્બરમને મોટો ફટકો પડ્યો છે. દિલ્હી કોર્ટમાંથી ઈડીને ચિદમ્બરમની ધરપકડ કરવા માટેની મંજુરી મળી ગઈ છે. હાલમાં ચિદમ્બરમ આજ કેસમાં સીબીઆઈની ધરપકડ હેઠળ છે. ચિદમ્બરમને તિહાર જેલમાં રાખવામાં આવ્યા છે. આજે જ ચિદમ્બરમે સુપ્રીમ કોર્ટમાં જામીન અરજી દાખલ કરી હતી. આમા સીબીઆઈ ઉપર આક્ષેપ કરવામાં આવ્યો હતો કે, એજન્સી તેમને અપમાનિત કરવા માટે જેલમાં રાખવા માટે ઈચ્છુક છે. ચિદમ્બરમની દલીલોની કોઈ અસર હાલમાં દેખાઈ રહી નથી. દિલ્હીની ખાસ કોર્ટે ઈડીનો ચિદમ્બરમની પુછપરછ કરવાની મંજુરી આપી દીધી છે. આ પુછપરછ મહત્તમ ૩૦ મિનિટ સુધી ચાલી શકે છે. આ ઉપરાંત

## એમઆઇ-૧૭ હેલિકોપ્ટર તોડી પાડનાર વાયુસેનાના ૬ અધિકારીઓ સામે કાર્યવાહી : બેનું કોર્ટમાર્શલ



પાકિસ્તાન સાથે સંઘર્ષ દરમિયાન પોતાના જ MI-17 હેલિકોપ્ટરને તોડી પાડવા મામલે વાયુસેનાના છ અધિકારીઓ સામે કાર્યવાહી થશે. રક્ષા ક્ષેત્રે જોડાયેલા સૂત્રો મુજબ બે અધિકારીઓનું કોર્ટ માર્શલ થશે અને અન્ય ચાર અધિકારીઓએ કાર્યવાહીનો સામનો કરવો પડશે. વાયુસેના પ્રમુખ રાકેશ કુમાર સિંહ ભદોરિયાએ જણાવ્યું હતું કે, પાકિસ્તાન સાથે થયેલા હવાઈ સંઘર્ષ દરમિયાન પોતાના જ રૈં-૧૭ હેલિકોપ્ટરને તોડી પાડવું એ અમારી બહુ મોટી ભૂલ હતી. તેમણે ખાતરી આપી હતી કે આવી ભૂલ ભવિષ્યમાં નહી થાય. વાયુસેના દિવસ પર આયોજીત પ્રેસ કોન્ફરન્સમાં વાયુસેના પ્રમુખે જણાવ્યું હતું કે, આ મામલે તપાસ પૂરી થઈ ચૂકી છે. આપણી જ મિસાઈલથી આપણું હેલિકોપ્ટર તોડી પાડવામાં આવ્યું હતું. એ અમારી ભૂલ હતી. અમે તે સ્વીકારીએ છીએ કે અમારી બહુ મોટી ભૂલ થઈ અને ખાતરી આપીએ છીએ કે ભવિષ્યમાં આવી ભૂલ નહી થાય.

## પૂંચ સરહદ પર પાકિસ્તાનનો પુનઃ ગોળીબાર

જમ્મુ, તા. ૧૫

જમ્મુ કાશ્મીરમાં તંગદિલી ફેલાવવાના તમામ પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. પાકિસ્તાને આજે ફરી એકવાર અંકુશરેખા સાથે જોડાયેલા તમામ વિસ્તારમાં ભીષણ ગોળીબાર કર્યો હતો જેથી નાગરિકોમાં દહેશત ફેલાઈ ગઈ હતી. પાકિસ્તાને જમ્મુ ડિવિઝનના પૂંચ જિલ્લાથી જોડાયેલી એલઓસી પર નાગરિક વિસ્તારોમાં ભારે ગોળીબાર કર્યો હતો. આ ગોળીબારના સકંજામાં આવી જવાના કારણે એક સ્થાનિક મહિલાનું મોત થયું હતું. પાકિસ્તાન તરફથી કરવામાં આવેલા ગોળીબાર બાદ ભારતીય જવાનોએ પણ જવાબી કાર્યવાહી કરી હતી. પાકિસ્તાની સેનાએ બુધવારના દિવસે પુંચ જિલ્લાના અંકુશરેખા પર બે સેકટરોમાં મોર્ટાર ઝીંક્યા હતા. પાકિસ્તાની જવાનોએ આજે સવારે યુદ્ધવિરામનો ભંગ કરીને ગોળીબાર કર્યો હતો.

# પાકિસ્તાન જતુ પાણી રોકી હરિયાણાના ખેડૂતોને આપીશ : મોદી

**વડાપ્રધાન પાકિસ્તાન પર પાણી ઉપર સર્જીકલ સ્ટ્રાઇક કરશે..! : કલમ-૩૭૦ની મુક્તિથી લોકો ખુશ પણ કોંગ્રેસ અને વિરોધી પાર્ટીઓને આ ન ગમ્યું,મને જેટલી ગાળો આપવી હોય તેટલી આપો પણ દેશની પીઠમાં ખંજર ભોંકવાનું બંધ કરો**

કુરુક્ષેત્ર,તા.૧૫

પીએમ મોદીએ મહારાષ્ટ્રની સાથે સાથે હરિયાણામાં પણ ઝંઝાવાતી ચૂંટણી પ્રચાર શરૂ કર્યો છે. આજે હરિયાણામાં એક જાહેર સભાને તેમણે સંબોધન કરતા કહ્યુ હતુ કે, પહેલા હરિયાણામાં કેરોસીન માટે લાઈનો લાગતી હતી પણ હવે તેમાંથી લોકોને મુક્તિ મળી ગઈ છે.

તેમણે કહ્યુ હતુ કે, હરિયાણાનો બમણો વિકાસ થઈ રહ્યો છે. કારણકે કેન્દ્રમાં મોદી એન્જિન અને હરિયાણામાં મનોહર એન્જિન છે. હરિયાણાના લોકોએ તેના પર મહોર લગાવી છે. લોકોના આશીર્વાદથી ફરી ભાજપની સરકાર બનવા જઈ રહી છે.

તેમણે કહ્યુ હતુ કે, સરકારે હવે કલમ ૩૭૦થી મુક્તિ અપાવી દીધી છે. તેનાથી લોકો ખુશ છે. પણ કોંગ્રેસ અને વિરોધી પાર્ટીઓને આ ગમી રહ્યુ નથી. તેઓ અફવા ફેલાવે છે. કોંગ્રેસે મને જેટલી ગાળો આપવી હોય તે આપે, બેંગકોક અને થાઈલેન્ડથી ગાળો ઈમ્પોર્ટ કરવી હોય તો તે કરી લાવે પણ દેશની પીઠમાં ખંજર ભોંકવાનુ બંધ કરે.

● અનુસંધાન પાન-૭ પર







વિશાલ પંડ્યા (મો) ૯૮૨૪૦ ૫૯૬૩૫
કનૈયાલાલ પંડ્યા (મો) ૯૪૨૮૨ ૧૭૫૫૭
પ્રોડક્શન કંપનીના ભાવે
આકર્ષક લગ્ન કંકોત્રી
મેળવવાનું એક માત્ર સ્થળ
ૐકાર ગ્રાફીક્સ & ઝેરોક્ષ
બી-૬, બેઝમેન્ટ, શ્રીનાથ કોમ્પ્લેક્ષ, ૧૭/૨૨ બસ સ્ટેન્ડ પાસે, સેક્ટર - ૨૨, ગાંધીનગર

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225

દિપાવલીના તહેવારો માટે
ફ્રેશ ડ્રાયફ્રુટ, ફેન્સી ડ્રાયફ્રુટ બોક્ષ
અરિહંત ડ્રાયફ્રુટ્સ
રૂ. ૨૫૦ થી ૨૫૦૦ સુધીની ૫૦ કરતાં વધુ વેરાઈટીઝના બોક્ષ
C/O રૂષભ એન્ટરપ્રાઈઝ
સહજાનંદ કોમ્પલેક્ષ (બેઝમેન્ટ)
સેક્ટર-૩૦ ચાર રસ્તા, નમસ્તે સર્કલ પાસે, સેક્ટર-૩૦, અક્ષરધામ રોડ, ગાંધીનગર
હેમાંગ આર. ગાંધી 93777 23164 | આર. ડી. ગાંધી 99241 23164
ખાલી ડ્રાયફ્રુટ બોક્ષ હોલસેલ ભાવે છૂટકમાં ઉપલબ્ધ.